


# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૯ નવેમ્બર ૨૦૧૯

એ

૧. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક તા.13/11/2019 બુધવાર.
૨. ગ્રામસેવા કેન્દ્ર – બોચાસણ, ભારેલ, ભલાડા, દેથલીના હિસાબોનું આંતરિક ઑડિટ તા.13/11/2019 બુધવારથી તા.15/11/2019 શુક્રવાર.
૩. પરિસરમાં નીકળેલ સાપ પકડયો. તા.14/11/2019 ગુરૂવાર.
૪. વિભાગીય વડાઓ સાથે બેઠક તા.20/11/2019 બુધવાર.
૫. વલ્લભ વિદ્યાલયના સેવકોની ધિરાણ મંડળીની કારોબારીની બેઠક તા.22/11/2019 શુક્રવાર
૬.ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન.તા23/11/2019 શનિવાર.
૭. સેવકોનું સ્નેહ મિલન તા.23/11/2019, શનિવાર.
૮. મા.માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ)તથા મા.કાર્યકારી કુલસચિવશ્રીની ગ્રામસેવા કેન્દ્રની મુલાકાત તા.29/11/2019 શુક્રવાર.
૯ વિનયમંદિર ઉદ્યોગમાં શાકભાજી નું ઉત્પાદન.
૧૦ ગંગાબા ગૌશાળાનું નવેમ્બર ૨૦૧૯નું દૂધ ઉત્પાદન.
૧૧. વાર્તાલાપ ગોઠવાયા.
12. રાત્રિ પ્રાર્થના તા.29/11/2019. શુક્રવાર.
13. દૈનિક પ્રભાતફેરી.
14. પુસ્તક વાંચન.

### -વલ્લભ વિદ્યાલય, માર્ગદર્શક-

શ્રી રવિશંકર મહારાજ ખેડા જિલ્લાના વતની હતા. ખેડા જિલ્લાના રાજકીય આગેવાન શ્રી મોહનલાલ પંડયાએ મહારાજને પૂ. મહાત્મા ગાંધીજીનો સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ તેઓ આઝાદીની ચળવળમાં જોડાઇ ગયા અને તેમાં સક્રિય ભાગ લીધો. તેમણે બારૈયા અને પાટણવાડિયા જ્ઞાતિની જાગૃતિ માટે અથાગ પ્રયત્નો કર્યા હતા અને તેમની સેવા કરીને તે જ્ઞાતિમાં માણસાઇના દીવા પ્રગટાવ્યા હતા. મહારાજને લાગ્યું હતું કે બારૈયા , પાટણવાડિયા જેવી જ્ઞાતિમાં સુધારો લાવવાનો એક જ ઉપાય છે અને તે શિક્ષણ. મહારાજ વારંવાર વિદ્યાલયની મુલાકાત લેતા હતા અને સંસ્થાને માર્ગદર્શન આપતા રહેતા હતા.

આઝાદી પ્રાપ્ત થયા બાદ બારૈયા , પાટણવડિયા જ્ઞાતિના વિદ્યાર્થીઓને બીજી પછાત જ્ઞાતિઓની જેમ જ શિષ્યવૃતિ મળે તે માટે રવિશંકર મહારાજે પ્રયત્નો કર્યા. તેઓ તે વખતના મુંબઇ રાજયના મુખ્ય મંત્રી શ્રી બાળાસાહેબ ખેરને મળ્યા હતા. અને લૂંટારુ તથા ધાડપાડુ ગણાતી એ જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળે તે માટે સમજાવ્યા હતા. તેમના આવા સંનિષ્ઠ પ્રયાસોને પરિણામે શ્રી બાળાસાહેબ ખેરે બોચાસણનાં છાત્રાલયને ખાસ પ્રકારનાં છાત્રાલય તરીકે માન્યતા આપીને તેમને માટે શિષ્યવૃતિ મંજૂર કરી હતી.

સંસ્થા પરિચય માળા માંથી.

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક તા.13/11/2019ને બુધવારે બપોરે 12-00 વાગે યોજાઇ. તેમાં શતાબ્દી વર્ષની ઉજવણીના કાર્યક્રમોની વિગતે ચર્ચા થઇ. સંયોજક શ્રી ઉદેસિંહ સોલંકી બેઠકમાં હાજર રહ્યા
2. ગ્રામસેવા કેન્દ્ર – બોચાસણ, ભારેલ, ભલાડા તથા દેથલીના હિસાબોનું આંતરિક ઑડિટ કરવા શ્રી નિતીનભાઇ રાઠોડ, શ્રી સૌરભભાઇ પરમાર, શ્રી મનોજભાઇ તળપદા તથા શ્રી આશવભાઇ શાહ બોચાસણ કેન્દ્રમાં આવ્યા. અને હિસાબોનું ઑડિટ કર્યું. વિભાગીય હિસાબનીશ તથા સંયોજકશ્રી સાથે આંતરિક ઑડિટ અંગે ચર્ચા કરી તથા માર્ગદર્શન આપ્યું.



3. પરિસરમાં રાત્રે "ચિતરો" નીકળ્યો હતો. તેને મારવાને બદલે બોચાસણના એક સ્વયંસેવક પકડીને જંગલમાં છૂટો મૂકવા તેને લઇ ગયા હતા.
4. વિભાગીય વડાઓ શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી, શ્રી સુનિલકુમાર જાદવ, શ્રી રાવજીભાઇ પરમાર, શ્રી કિશોરભાઇ રાવલ સાથે તા.20/11/2019 ને બુધવારના રોજ બેઠક યોજવામાં આવી. તેમા નીચેના મુદ્દાઓની વિગતે ચર્ચા કરવામાં આવી.

| | |
|---|---|
| 1 | સેવકોનું સ્નેહ મિલન |
| 2 | વાલીસંમેલન |
| 3 | સેવક પ્રવાસ |
| 4 | શતાબ્દિ વર્ષની ઉજવણીના ભાગરૂપે પસંદ કરેલા ગામોમાં અઠવાડિક પ્રવૃતિ |
| 5 | શતાબ્દી વન તથા શતાબ્દી વૃક્ષ |
| 6 | વિદ્યાર્થીઓની અનિયમિતતા |

5. વલ્લભ વિદ્યાલયના સેવકોની ધિરાણ મંડળની કારોબારીની બેઠક તા.22/11/2019ને શુક્રવારે સાંજના 5-00 વાગે યોજવામાં આવી. તેમા નીચેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.
    - સેવકોનો પ્રવાસ
    - સેવકોનું સ્નેહ મિલન
6. ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી ઉજવણીના ભાગરૂપે દરમહિને એક વખત ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન કરવાનું આયોજન કર્યું છે.

    તા.23/11/2019ને શનિવારના રોજ સવાર 8-00 વાગે ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી ધ્વજવંદન કરવામાં આવ્યું અને ધ્યેયોનું પ્રતિજ્ઞા રૂપે વાંચન કરવામાં આવ્યું.



7. બધા વિભાગોના સેવકોનું તા.23/11/2019ને શનિવારે સવારે 10-30 વાગે સ્નેહ મિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો. તેમાં નીચેના મુદ્દાઓની વિગતે ચર્ચા થઇ.

1. વાલીસંમેલન તા.15/12/2019 રવિવાર
2. સેવક પ્રવાસ તા.12/01/2019 રવિવાર
3. શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે પસંદ કરેલ ગામોમાં અઠવાડિક પ્રવૃતિ.
4. શતાબ્દી વનની માવજત.
5. વિદ્યાર્થીઓમાં અનિયમિતતા દૂર કરવાના ઉપાયો .





8. મા.માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) ડૉ.રાજેન્દ્ર ખીમાણી તથા મા.કાર્યકારી કુલસચિવશ્રી ડૉ.ભરતભાઇ જોશી ગ્રામસેવા કેન્દ્રની મુલાકાતે આવ્યા. તેમાં નીચેના મુદ્દાઓની ચર્ચા થઇ.

1. પગાર
2. ખર્ચ દરખાસ્ત
3. વહીવટી બાબતો. – ફાજલ શિક્ષક
   - જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે મુલાકાત તા.09/12/2019 સોમવાર.
   - વાલી સંમેલન.
4. નવી ખરીદીની મંજૂરી
5. નવા બાંધકામ.

9. વિનયમંદિર ઉદ્યોગમાં નવેમ્બર માસમાં શાકભાજીનું ઉત્પાદન 170 કિલોગ્રામ થયું.

- નીચેના શાકભાજીનાં પાકો ખેતરમાં ઉગાડ્યા છે.

| | | | |
|---|---|---|---|
| 1 | રીંગણી | 7 | પાલક |
| 2 | શક્કરિયાં | 8 | ડુંગળી ધરૂ |
| 3 | પાપડી | 9 | કોબીજ, ફ્લાવર ધરૂ |
| 4 | મૂળા | 10 | દૂધી |
| 5 | મેથી | 11 | |
| 6 | બીટ | 12 | |

10. ગંગાબા ગૌશાળાનું નવેમ્બર માસનું દૂધ ઉત્પાદન 1830/- લિટર થયું

11. વાર્તાલાપ ગોઠવાયા.

- 70મો બંધારણ દિવસ તા.26/11/2019

12. શતાબ્દી વર્ષ સંદર્ભે શ્રીજીપુરા (રેલ્વે સ્ટેશન વિસ્તાર) માં શ્રી રમણભાઇ પરમારનું અવસાન થયું હોવાથી રાત્રિ પ્રાર્થના કરવા શ્રીજીપુરા રાત્રે 8-00 વાગે ગયા. અને કુટુંબને પ્રાર્થના દ્વારા શાંત્વના આપવામાં આવી.

13. કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓની એક ટુકડી શતાબ્દી વર્ષ સંદર્ભે દરરોજ સવારે 5-30 વાગે પ્રભાત ફેરી સાથે પરિસરમાં પરિક્રમા કરે છે.

14. સાંજે પ્રાર્થનામાં શતાબ્દી વર્ષ સંદર્ભે પૂજ્ય બબલભાઇ મહેતાનું લેખિત પુસ્તક " સમૂહજીવનનો આચાર " નું વાંચન કરવામાં આવે છે,.